# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in

Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૨૨/૦૯/૨૦૧૬

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નિલેશ માંડલેવાળા

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## ભોજપુર, બિહારના વતની કામદાર રાજ્ય વીમા યોજના (ESIC) સુરતમાં સોશીયલ સિક્યુરીટી ઓફીસર તરીકે ફરજ બજાવતા શ્રી ઇન્દ્રજીતકુમારે તેમના ધર્મપત્ની બ્રેનડેડ રીટાબેન ના અંગોનું દાન કરી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી

નામ : રીટા ઇન્દ્રજીત કુમાર ઉ. વ. ૩૯ બ્લડ ગ્રુપ: B+

રહેવાસી : M-૨૦૩, માઈલસ્ટોન, જહાંગીરાબાદ, કેનાલ રોડ, જકાતનાકા પાસે, એલ.પી સવાણી, અડાજણ, સુરત

મૂળ રહેવાસી : બાબુ બઝાર, અરા, જીલ્લો : ભોજપુર (બિહાર)

કૌટુંબિક વિગત : પતિ: શ્રી ઇન્દ્રજીત કુમાર ઉ. વ. ૩૯

વ્યવસાય : કામદાર રાજ્ય વીમા યોજના (ESIC) સુરતમાં સોશીયલ સિક્યુરીટી ઓફિસર તરીકે ફરજ બજાવે છે.

પુત્ર: કૌસ્તુભ ઇન્દ્રજીત કુમાર ઉ. વ. ૧૦

અભ્યાસ : ધોરણ ૪ ડી.પી.એસ. સ્કુલ તાપી

<u>બનાવની વિગત:</u>

સોમવાર તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ રીટાબેનને સાંજે ૬:૩૦ કલાકે માથામાં દુખાવાની ફરિયાદ અને ઉલ્ટી થતા તેઓ બેભાન થઇ ગયા હતા. તેમને મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં રાત્રે ૮:૪૫ કલાકે ન્યુરોફીજીશ્યન ડો. અનિરુધ્ધ આપ્ટેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. નિદાન માટે CT સ્કેન કરાવતા મલ્ટીપલ બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું

મંગળવાર તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ન્યુરોફીઝીશ્યન ડો. અનીરૂધ્ધ આપ્ટે અને ન્યુરોસર્જન ડો. આશિત દેસાઈએ રીટાબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

૨...


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



મહાવીર હોસ્પિટલના R. M. O ડો. ભાવીની શાહે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રીટાબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી કુંજ સુલ્તાનીયાની સાથે રહી કામદાર રાજ્ય વીમા યોજના (ESIC) સુરતમાં સોશીયલ સિક્યુરીટી ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી ઇન્દ્રજીત કુમારને અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

શ્રી ઇન્દ્રજીત કુમારે જણાવ્યું જણાવ્યું કે ઓર્ગન ડોનેશનનું કામ એ ઈશ્વરીયકાર્ય છે. હુ સુરતમા કામદાર રાજ્ય વીમા યોજનામાં (ESIC) વર્ષ ૨૦૧૩ થી ફરજ બજાવું છુ. હુ અને મારી પત્ની વારંવાર વર્તમાન પત્રોમાં અંગદાન વિશે વાંચતા હતા. મારી પત્ની હંમેશા મને કેહતી હતી કે જો મારૂ બ્રેનડેડ થાય તો મારા અંગોનું દાન કરી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપજો, આથી આજે મારી પત્ની જ્યારે બ્રેનડેડ છે તો તમે તેના અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવા આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પંચમહાલ જીલ્લાના હલોલ ગામની પ્રીન્સી કિરણભાઈ પટેલ ઉ. વ. ૧૦ અને બીજી કિડની રાજકોટના રહેવાસી બાવાલાલ કાળાભાઈ ચોવટિયા ઉ.વ. ૫૮ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર રિસર્ચ માટે રાખવામાં આવ્યુ છે.

આ બન્ને કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રકિયામાં રીટાબેનના પતિ શ્રી ઇન્દ્રજીત કુમાર, કુંજ સુલ્તાનીયા, ન્યુરોફીઝીશ્યન ડો. અનીરૂધ્ધ આપ્ટે, ન્યુરોસર્જન ડો. આશિત દેસાઈ, R. M. O. ડો. ભાવીની શાહ મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને ધવલ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૬૭ કિડની, ૫૯ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૪૪ ચક્ષુઓનો દાન મેળવીને ૩૮૦ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મેળી છે.